
ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રીજ
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૧ ટકા

# ગાંધીનગરમાં ભૂકંપ અંગે મોકડ્રીલ યોજાઈ

## વાયરલેસ સેટથી સજજ કર્મીઓએ માનવ જાનહાની અને રાહત-બચાવ કામગીરી કરી













ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા આપત્તી વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા પાટનગરમાં ભૂકંપ જેવી કુદરતી આફતમાં રાહત-બચાવ કામગીરી અંગે મોકડ્રીલ યોજાઈ હતી. ગાંધીનગરમાં જી.ઈ.બી. પ્લાન્ટ, અખબાર ભવન, સરકારી છ ટાઈપનાં ફલેટ, સેકટર – ૨૦ ખાતે એન.ડી.આર.એફ., એસ.ડી.આર.એફ., ફાયર અને હેલ્થ સર્વિસ તથા આર્મી, બી.એસ.એફ., સી.આર.પી.એફ. પોલીસ, હોમગાર્ડસ, માર્ગ-મકાન સહિતનાં વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સવારે ૧૦-૦૦ કલાકે ભૂકંપ આવ્યાના સમાચાર જિલ્લા કંટ્રોલ રૂમને મળતાં માનવ જાનહાનિ અને રાહત-બચાવની કામગીરીમાં જિલ્લા વહીવટી તંત્ર દોડતું થઈ ગયું હતું.

જિલ્લા કલેકટરશ્રી સતીષ પટેલના વડપણ હેઠળ આર્મી, બી.એસ.એફ. તથા વિવિધ વિભાગોના વાયરલેસ સેટથી સજજ અધિકારીઓને વિવિધ સૂચનાઓ પ્રમાણે રાહત-બચાવની કામગીરી જિલ્લાના ત્રણ સ્થળોએ હાથ ધરવામાં આવી હતી. જિલ્લા કલેકટરશ્રી સતીષ પટેલ અને નિવાસી અધિક કલેકટરશ્રી એચ.એમ.જાડેજાએ જી.ઈ.બી., અખબાર ભવન અને સરકારી વસાહત સેકટર – ૨૦ ખાતે ત્વરીત રાઉન્ડ લઈને ભૂકંપની મોકડ્રીલની કામગીરી નીહાળી, વાયરલેસ દ્વારા વિવિધ સૂચનાઓ આપવામાં આવી હતી. ગાંધીનગર ડીસ્ટ્રીકટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા રાહત – બચાવની વિવિધ કામગીરીની ત્વરીત સૂચનાઓ આપવામાં આવી હતી.

ધરતીકંપમાં બહુમાળી ઈમારતમાં ફસાયેલા લોકોને આર્મી અને બી.એસ.એફ .ના જવાનોએ સીડી મારફત ઘવાયેલા લોકોને બહાર કાઢયા હતાં. વિવિધ મેડીકલ ટીમોએ સ્થળ ઉપર ત્વરીત સારવારની વ્યવસ્થા પૂરી પાડી હતી તથા ઘવાયેલા લોકોને સીવીલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ખસેડવામાં આવ્યા હતાં.

જેમાં ૨૫ ઘાયલોને તાત્કાલિક વિભાગમાં લાવવામાં આવ્યા હતા. મોકડ્રીલમાં ૭ નાગરિકોને મૃત જાહેર કરાયા હતા. ૩ને વધુ ઈજાગ્રસ્ત હોવાથી અમદાવાદ રીફર કરાયા હતા જયારે ૧૫ દર્દીઓને ગાંધીનગર સિવિલમાં સારવાર આપવામાં આવી હતી. સિવિલ તંત્ર દ્વારા ડૉકટરોની ટીમ બોલાવાઈ હતી. જેમાં અર્થોપેડીક સર્જન, ફિઝીશયન અને આસીસ્ટન્ટ ડૉકટરો હાજર રહ્યા હતા. આ દોડાદોડીમાં સિવિલના આર.એમ.ઓ. ડૉ. રાજેન્દ્ર ચૌહાણ, ડે. આર.એમ.ઓ. ડૉ. કલ્પેશ જશપરા, નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતિબેન પટેલ, એસ.આઈ. ભરત બારોટ, સિકયુરીટી જવાનો તેમજ વર્ગ-૪ના કર્મચારીઓ ખડે પગે હાજર રહ્યા હતા.

પોલીસ વિભાગ દ્વારા ટ્રાફીક નિયમન અને લાઉડ સ્પીકર દ્વારા લોકોને અફવાઓથી દૂર રહી કોઈ પણ ગભરાટ વગર સલામતી અંગેની સૂચનાઓ આપવામાં આવી હતી.

ભૂકંપ જેવી પરિસ્થિતિમાં વિવિધ વિભાગોનું તંત્ર સક્ષમતાથી ઝડપી અને ત્વરીત કામગીરી બજાવે, સરકારી તંત્ર અને સેવાકાર્યો કરતી સંસ્થાઓનું સંકલન તથા માનવ જાનહાની અને ગંભીર લોકોને ત્વરીત સારવાર દ્વારા અસરકારક કામગીરી થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોકડ્રીલની કામગીરી કરાઈ હતી. સેકટર – ૧૭ના ટાઉન હોલના પાર્કીંગમાં સ્ટેગીંગ એરીયા રાખવામાં આવેલ હતો. ભૂકંપની મોકડ્રીલ બાદ જિલ્લા કલેકટરશ્રી સતીષ પટેલના અધ્યક્ષ સ્થાને વિવિધ વિભાગો દ્વારા હાથ ધરેલ કામગીરીની નિપુણતા અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

# બંધ કરાવી દીધેલા ક્રેડીટ કાર્ડનું પોણા બે લાખ રૂપિયા બિલ આવ્યું

ગાંધીનગર, તા.૧૬

શહેરના સેકટર-૩ ખાતે રહેતી મહિલા બેંક ખાતેદારે કેન્સલ કરાવી દીધેલા પોતાના બે ક્રેડીટ કાર્ડના બિલ તેમના ઘરે આવતા ચોંકી ગયા હતા. બંધ કરાવેલા ક્રેડીટ કાર્ડનું પોણા બે લાખ રૂપિયા બિલ ઘરે આવતા તેઓ ચોંકી ગયા હતા. બંધ કરાવેલા કાર્ડથી કોણે ટ્રાન્જેકશન કર્યા તે અંગે હજુ રહસ્ય છે. સે-૭ પોલિસ સ્ટેશનમાં મહિલાએ છેતરપીંડીની ફરિયાદ આપી ક્રેડીટ કાર્ડ કેન્સલ ન કરનાર બેંક કર્મચારી ઉપર શંકા વ્યકત કરી છે. સે-૭ પોલિસે તે દિશામાં વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૩માં રહેતી મહિલા મોનિકાબેન રમેશભાઈ વાઘમસી મુળ રાજકોટના છે. ઈન્ફોસીટી ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. સે-૧૬ની એકસીસ બેંકમાં તેમને એકાઉન્ટ છે. સાતેક માસ પહેલા બેંકમાંથી સાગર બારોટે ફોન કરી ક્રેડીટ કાર્ડની માહિતી આપી મોનિકાબેનની મંજુરીથી ક્રેડીટ કાર્ડ ઈસ્યુ કર્યું હતું. તેમના રાજકોટના નિવાસસ્થાને એકસીસ બેંકના રૂ. ૭૫ હજારની લીમીટના બે કાર્ડ પહોંચી ગયા હતા. મોનિકાબેને એક કાર્ડ ઉપર સુચના વાંચી કે તેનો વાર્ષિક ચાર્જ રૂ. ૨૩૦૦ છે એટલે આ બંને કાર્ડ કેન્સલ કરાવવા કાર્ડ લઈને મોનીકાબેન બેંકના સાગર બારોટ પાસે ગયા હતા. કાર્ડ કેન્સલ કરાવવા માટે મોનીકાબેને જરુરી ફોર્મ અને દસ્તાવેજો આપ્યા અને ત્યાંથી નીકળી ગયા હતા. હવે મોનિકાબેનના ઘરે કેન્સલ કરાવેલા કાર્ડના ટ્રાન્ઝેકશન અને પેનલ્ટીની વિગતો દર્શાવેલું રૂ. ૧,૭૫,૩૩૭નું બિલ આવી પડયું હતું. ચોંકી ગયેલા મોનિકાબેને પોતાના બંને ક્રેડીટ કાર્ડ બંધ કરાવ્યા હોવા છતાં બિલ કેમ આવ્યું તેની બેંકમાં તપાસ કરી સાગર બારોટ પર શંકા દર્શાવતી પોલિસ ફરિયાદ સે-૭ પોલિસ સ્ટેશનમાં નોંધાવી છે.

# ટાઉનહોલ ખાતે કોમેડી સુપરફાસ્ટ રોરલ કોસ્ટર નાટક યોજાયુ





ગાંધીનગર, તા.૧૬

રાજયના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અને ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના સૌજન્યથી ટાઉનહોલ, સેકટર-૧૭ ખાતે જવનીકા આર્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા સુપર કોમેડી નાટકનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ નાટક જવનીકા આર્ટ ફાઉન્ડેશન, ગાંધીનગરના પ્રમુખ અને નિર્માતા – દિગ્દર્શક શ્રી ઈશ્વરભાઈ પટેલ દ્વારા યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે રમત-ગમત વિભાગના સંયુક્ત સચિવ શ્રી સુરેશ કાનાબા, કાયદા વિભાગના નાયબ સચિવ શ્રી જે.એલ.વાળા, નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી જે.બી.બારૈયા, નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક શ્રી સર્વ શ્રી પ્રકાશ લાલા તેમજ નટુભાઈ પરમાર સહિત મહાનુભાવોએ આ સુંદર હાસ્ય પરીસ્તા નાટકનો દીપ પ્રગટાવી પ્રારંભ કર્યો હતો. પાટનગરવાસીઓએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી હાસ્ય નાટકને માણ્યું હતું.

## ઈસનપુર મોટા ખાતે આશાવર્કરોનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ખાતે તાલુકા આરોગ્ય કચેરી ગાંધીનગર દ્વારા ગાંધીનગર તાલુકાની આશાઓના એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.



જેમાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પિયુષભાઈ પટેલ અને તાલુકા આરોગ્ય અધિકારી ગાંધીનગર ડૉ. હરેશ ત્રિવેદી દ્વારા આરોગ્યના વિવિધ કાર્યક્રમોની સમજૂતી આપવામાં આવી હતી. વર્ષ દરમિયાન સારી કામગીરી કરવા બદલ આશાઓને પ્રોત્સાહન ઈનામો આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

એમ.બી. સાર્વજનિક હોસ્પિટલ દ્વારા આ વર્ષ દરમિયાન હોસ્પિટલમાં જન્મેલ તમામ દીકરીઓને રૂપિયા ૫૦૦૦ની ડિપોઝીટ આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રસંગે હોસ્પિટલના કન્વીનર રામચંદ્રભાઈ પટેલ તથા સરપંચ રમણભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ફેસબુક પર પતિએ જ પત્નિને ‘કૉલગર્લ’ તરીકે ચિતરી નાંખી...!

### પતિ-પત્નિ એક વર્ષથી અલગ રહે છે : ગાંધીનગર એસ.ઓ.જીની ટીમે ઈન્વેસ્ટીગેશન કર્યું તો ખબર પડી કે પતિએ જ આ કૃત્ય આચર્યું હતું : આરોપી પતિની ધરપકડ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં એક વિચિત્ર ઘટના બની હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ગાંધીનગરની એક પરિણીત યુવતીએ પોતાના જ નામનું અને પોતાના ફોટો અપલોડ કરેલું ફેસબુક એકાઉન્ટ જોયું કે જે પોતે બનાવ્યું નથી. આ ફેસબુક એકાઉન્ટ ઉપર પોતે ‘કૉલગર્લ’ હોય તે પ્રકારના બિભત્સ મેસેજ અને કોન્ટેકટ નંબરની માહિતીઓ પોસ્ટ થવા લાગી...! ઘટનાને ગંભીરતાથી લઈ ગાંધીનગર ડીએસપીને પરિણીત યુવતિએ આ મામલે અરજી આપી અને એસઓજીએ ઈન્વેસ્ટીગેશન શરુ કર્યું તો ખબર પડી કે એક વર્ષથી અલગ રહેતા તેણીના પતિએ જ બોગસ એકાઉન્ટ બનાવી પોતાની જ પત્નિને ‘કૉલગર્લ’ તરીકે ચિતરી નાંખી હોવાનું બહાર આવતા ચકચાર મચી જવા પામી છે. ગાંધીનગર એસઓજીની ટીમે ટેકનીકલ સર્વેલન્સની મદદથી આરોપી પતિની ધરપકડ કરી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જિલ્લાના એક ગામમાં રહેતી શિક્ષિત તેમજ નોકરી કરતી પરિણીત યુવતીના નામનું કોઈ શખ્સો ફેક ફેસબુક એકાઉન્ટ બનાવી તેમાં ઓરીજીનલ ફેસબુક એકાઉન્ટમાંથી ફોટો કોપી કરી ફેક એકાઉન્ટમાં અપલોડ કરી દીધા બાદ તેમાં બિભત્સ લખાણ લખવામાં આવ્યું હોવાનું પરિણીત યુવતીને ધ્યાને આવ્યું હતું. જિલ્લા પોલિસ વડાને રજુઆત કરતા ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની ટીમના પીએસઆઈ વી.કે. રાઠોડ તથા બી.એમ. પટેલની ટીમે ટેકનીકલ સર્વેલન્સની તપાસ શરુ કરી હતી. તપાસમાં બહાર આવ્યું કે એક વર્ષથી અલગ રહેતા પરિણીત યુવતીના પતિએ જ આ કૃત્ય કર્યું હતું. જે આધારે પુરાવાઓ એકત્ર કરી પતિ વિરૂધ્ધ આઈ.ટી. એકટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી લેવામાં આવી છે.

## સે-૪ સ્થિત બગીચામાં કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા અદાલત અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા સેકટર-૪ના બગીચામાં કાનૂની શિબિર યોજાઈ હતી. જેમાં મોબાઈલ હેન્ડસેટ, ઈન્ટરનેટ, સોશિયલ મિડિયા, બેંક એટીએમ કાર્ડ અને સાઈબર ક્રાઈમને લગતી જાણકારી કાનૂની સેવા સત્તા મંડળના વોલન્ટીયરે નાગરિકોને આપી હતી. કાર્યક્રમમાં પી.એલ.વી. જયરામભાઈ સોની, દિનેશભાઈ દવે, સિતારામભાઈ પટેલ હાજર રહ્યા હતા.

## દહેગામ એસ.ટી. ડેપોમાં શ્રેષ્ઠ કામગીરીનું સન્માન

### ડ્રાયવર, કડંકટર અને મિકેનીકની કામગીરીને બિરદાવવામાં આવી : ૪૩ ડિફોલ્ટ કેસનો નિકાલ કરાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના અતિ વ્યસ્ત એવા દહેગામ ડેપોમાં ઓપન હાઉસનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ડેપોમાં ફરજ બજાવતા ડ્રાયવર, કડંકટર અને મિકેનીકની ફરજ દરમિયાનની શ્રેષ્ઠ કામગીરીને આ પ્રસંગે સન્માનિત કરાઈ હતી. કર્મચારીઓ ઉપર થયેલા ડિફોલ્ટ કેસમાંથી ૪૩ કેસનો નિકાલ કરાયો હતો. આ ઓપન હાઉસમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ હાજર રહ્યા હતા.

મળેલ વિગતો મુજબ જિલ્લાના દહેગામ ડેપોમાં કર્મચારીઓને લગતા પ્રશ્નો તેમજ તેમની કામગીરી અન્વયે ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં ઓપન હાઉસ આયોજીત થયું હતું. આ ઓપન હાઉસમાં ડેપોના કર્મચારીઓ પૈકી ડ્રાયવર, કડંકટર અને મીકેનીકની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવી તેમને સન્માનવામાં આવ્યા હતા તો કર્મચારીઓ ઉપર



થયેલા ડિફોલ્ટ કેસોની સુનાવણી કરીને ૪૩ જેટલા ડિફોલ્ટ કેસોનો સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લામાં સૌથી વધુ મુસાફરોથી વ્યસ્ત એવા દહેગામ ડેપોમાંથી રાજયભરમાં મુસાફરીનો શ્રેષ્ઠ પર્યાય થાય છે. જેમાં નિગમના ધારાધોરણ મુજબ ઓપન હાઉસનુ આયોજન કરી ડેપોને મુસાફરો તરફથી મળતી ફરિયાદો, ડ્રાયવર, કડકટરનું મુસાફરો પ્રત્યેનું વર્તન તેમજ સોંપેલી બસ અને તેને લગતી ફરજ દરમિયાન નિષ્કાળજી વગેરે માટે કેસો કરાય છે. જેનો નિકાલ આ ઓપન હાઉસમાં થતો હોય છે. વધુમાં ઓછા ડિઝલમાં રૂટ નિયમિત રાખવા, મુસાફરોને મુસાફરી મળી જ રહે તેવા પ્રયત્નો અને એસ.ટી. બસમાં સર્જાતી ખામીઓનો યોગ્ય અને કાયમી નિકાલ કરી કામગીરી શ્રેષ્ઠ થઈ હોય તેને સન્માનિત કરવાનો અભિગમ દર્શાવાય છે. દહેગામ ડેપો મેનેજર હાર્દિકભાઈ રાવલ તથા ડેપ્યુટી એન્જીનીયર (સિવિલ) કલ્પેશભાઈ ચૌહાણે આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી કર્મચારીઓના હોંસલાને આગળ ધપાવ્યો હતો.

## વણકર સમાજનો ૧૩મી મેએ સમુહલગ્ન યોજાશે

ગાંધીનગર, તા.૧૬

અગિયાર ગોળ વણકર સમાજ પ્રેરિત શ્રી ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ (પાંચ ગોળ) વણકર સમાજ ગાંધીનગર દ્વારા સમગ્ર વણકર સમાજનો સમૂહલગ્ન સમારોહ ૨૦૧૮ કોઈ પણ ગોળ-પરગણાના બાદ સિવાય રવિવાર તા. ૧૩-૫-૨૦૧૮ના રોજ ગાંધીનગર ખાતે યોજનાર છે. તો આ સમુહલગ્નમાં ભાગ લેવા ઈચ્છતા વાલીઓએ તા. ૨૦મી એપ્રિલ ૨૦૧૮ સુધીમાં સંસ્થાના પ્રતિનિધિ ડાહ્યાભાઈ ડી. રાઠોડ, અશોકભાઈ એમ. પરમાર, રમણભાઈ એસ. પરમાર, મોતીભાઈ એમ. વણકર, મોહનભાઈ એસ. રાઠોડ, રમેશભાઈ સી. પરમાર અને મણીલાલ જી. મકવાણાનો સંપર્ક સાધવા મહામંત્રી ડૉ. એ.એસ. સોલંકીએ જણાવ્યું છે.

## રવિવારે સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો શરુ થશે

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માર્ગદર્શન માટે પરીક્ષાના વર્ગો ચાલુ કરવામાં આવેલ છે. યુવકોની માગણીને ધ્યાને લઈ વીક એન્ડ વર્ગો શરુ કરવાનું આયોજન કરેલ છે. જેનું ઉદઘાટન તા. ૧૮મી માર્ચના રોજ કરવામાં આવ્યું છે. પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ બપોરે ૧ થી ૨.૩૦ કલાક દરમિયાન શ્રી સ્વામિ સચ્ચિદાનંદ બ્રહ્મભવન, શ્રી સોમનાથ મહાદેવ મંદિર, વિદ્યા લાઈબ્રેરી પાછળ, સેકટર-૧૬ ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન માટે જરુરી પ્રમાણપત્રો તેમજ કાગળો સાથે ઉપસ્થિત રહેવા શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ પિનાકીન રાવલ અને મંત્રી નરેશ દવે દ્વારા જણાવાયું છે.

## ગાંધીનગરની જયરામ પટેલ ઈન્સ્ટીટયૂટના વિદ્યાર્થીઓએ અંધજન મંડળની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરની જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ સંસ્થાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં અમદાવાદ સ્થિત અંધજન મંડળની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મેનેજમેન્ટ સંસ્થાના વિદ્યાર્થીઓએ અંધજન મંડળના દિવ્યાંગો સાથે શૈક્ષણિક પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો તેમજ અંતાક્ષરીની પણ મજા માણી હતી. ઉપરાંત સંસ્થાના વડા દ્વારા સંસ્થાની વિવિધ ગતિવિધિ અંગે બાળકોને માહિતી પણ પુરી પાડવામાં આવી હતી. આ સાથે ડૉ. ઉર્વી અમીન અને પ્રો. કલગી શાહ દ્વારા સ્ટડી ટુરનું આયોજન પણ કરાયું હતું. આ મુલાકાતમાં ૪૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. ડૉ. બી.કે. નિર્મલે બાળકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

## વિશ્વ મહિલા દિનની રેલીમાં આર.જી. પટેલ ગર્લ્સની ૧૫૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૧૬

શ્રીમતી આર.જી. પટેલ ગર્લ્સ સેકન્ડરી સ્કુલ અને હાયર સેકન્ડરી સ્કુલની ૧૫૦ વિદ્યાર્થીનીઓએ તા ૮મી માર્ચે યોજાયેલ વિશ્વ મહિલા દિનની ઉજવણીના ભાગ રૂપે યોજાયેલ રેલીમાં ભાગ લીધો હતો. આ રેલીમાં ગાંધીનગરની તમામ શાળાઓ, કોલેજ તેમજ વિવિધ ફેકલ્ટીના વિદ્યાર્થીઓએ રેલીમાં ભાગ લીધો હતો. સિવિલથી સવારે ૧૦ કલાકે રેલીનું પ્રસ્થાન કરાવાયું હતું. શહેરના વિવિધ માર્ગો, પર થઈ છેલ્લે સેકટર-૧૭ના ટાઉનહોલ ખાતે રેલી સભામાં ફેરવાઈ હતી.

## ચિરવિદાય

- સ્વ. મંજુલાબેન હિંમતલાલ કડીયા, ઉ.વ. ૮૩
- સ્વ. વિક્રમસિંહ બચુસિંહ સોલંકી, ઉ.વ. ૩૫
- સ્વ. વાઘેલા અશોકભાઈ જીવણભાઈ, ઉ.વ. ૫૪